ગુજરાત રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ યોજના (ધોરણ ૬ થી ૧૨ માટે)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
સુધારા ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
તા.૨૧/૧૦/૨૦૨૩

વંચાણે લીધા :-

૧. શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન

૨. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા તા.૧૨/૧૦/૨૦૨૩થી રજુ કરેલ સિંગલ ફાઈલ પરની દરખાસ્ત

પ્રસ્તાવના :-

ગુજરાત રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે વંચાણે લીધેલા ક્રમ-૧ પરના શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવથી રાજ્યમાં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ માં સળંગ અભ્યાસ કરી ધોરણ ૫ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકીના તેજસ્વી વિદ્યાર્થીઓ મેરીટના ધોરણે રાજ્યમાં કાર્યરત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ કે અન્ય બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં રાજય સરકાર દ્વારા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ શાળાઓમાં ધોરણ ૬ માં પ્રવેશ મેળવી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજ્યના આવા તેજસ્વી બાળકોને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવા યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈને મહત્તમ વિદ્યાર્થીઓને શાળાઓની પસંદગીમાં વધુમાં વધુ વિકલ્પ મળી રહે તે હેતુસર ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના પત્રથી કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ દરખાસ્ત કરેલ હતી તે અન્વયે સદરહું ઠરાવમાં સુધારાઓ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: સસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/નમાં નીચેના કોષ્ટકના કોલમ-૨ ની સામે કોલમ-૩ મુજબનો સુધારો આથી કરવામાં આવે છે.

| જોગવાઈ ક્રમ | તા.૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવની હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| 3(B) (i) | વિદ્યાર્થીએ જે અનુદાનિત શાળામાં ધોરણ ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ | જોગવાઈ રદ્દ કરવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | મેળવવાપાત્ર ઠર્યો હોય અને તે પોતાની જુની અનુદાનિત શાળામાં ધોરણ ૬ માં પ્રવેશ મેળવવા માગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે. | |
| 3(B) (ii) | વિદ્યાર્થીએ જે સરકારી શાળામાં ધોરણ ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યો હોય અને તે પોતાની જુની સરકારી કે અન્ય સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૬ માં પ્રવેશ મેળવવા માગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે. | વિદ્યાર્થીએ જે સરકારી અને અનુદાનિત શાળામાં ધોરણ ૫ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ મેળવવાપાત્ર ઠર્યો હોય અને તે પોતાની જુની સરકારી કે અનુદાનિત અથવા અન્ય સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ ૬ માં પ્રવેશ મેળવવા માગતો હોય તો તે પ્રવેશ મેળવી ધોરણ ૬ થી ૮ નો અભ્યાસક્રમ પૂર્ણ કરી શકશે. |
| 3(B) (iii) | કોઈપણ સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધોરણ ૯ થી ૧૨ નો અભ્યાસ કરી શકશે. | કોઈપણ સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધોરણ ૯ થી ૧૨ નો અભ્યાસ કરી શકશે. |
| ૪ | નિયામકશ્રી, શાળાઓ દ્વારા શાળાઓની પસંદગીના ધારાધોરણ | નિયામકશ્રી, શાળાઓ દ્વારા સ્વ-નિર્ભર શાળાઓની પસંદગીના ધારાધોરણ |
| ૪ (A) | ઉપર 3 Aના કિસ્સામાં નીચે મુજબની ચારેય શરતો પૂર્ણ કરે તેવી સ્વ-નિર્ભર અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો નિયામકશ્રી શાળાઓ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કૉલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. | ઉપર 3 A ના કિસ્સામાં નીચે મુજબની ચારેય શરતો પૂર્ણ કરે તેવી સ્વ-નિર્ભર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો નિયામકશ્રી શાળાઓ દ્વારા મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ |

| | | |
|---|---|---|
| | | સ્કૉલરશીપ યોજનાની પસંદગી યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. |

આ યોજનાની બાકીની જોગવાઈ અને શરતો શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ ના સમાનાંકી ઠરાવ અનુસાર યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ચૌધરી)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧,સચિવાલય,ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવ શ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રા.ક.મંત્રીશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨,સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અધિક સચિવશ્રી,મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ),શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- રાજ્ય પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-17, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,સેક્ટર-૨૧,ગાંધીનગર.
- નિયામકશ્રી,શાળાઓની કચેરી,બ્લોક-૯,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક-૧૨,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામક, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તમામ(નિયામકશ્રી,શાળાઓની કચેરી મારફતે)
- સેકશન અધિકારી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર (આ પરિપત્ર વિભાગની વેબસાઈડ પર અપલોડ કરવા સારું)
- નાયબ સેકશન અધિકારી, ફાઇલ પસંદગી માટે
- શાખા સિલેક્ટ ફાઇલ.